સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સાબરડેરી, હિંમતનગર.

સબપોસ્ટ : બોરીયા, નેશનલ હાઇવે નં. ૮, હિંમતનગર, પીન- ૩૮૩૦૦૬

પીએસપી / એએચ / ૨૦૨૫-૨૬ તા. ૧૨.૦૨.૨૦૨૬

# પરિપત્ર નંબર - ૬૯



પ્રતિ,

ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી,

મહાશયશ્રી,

આથી સંઘ સંયોજિત તમામ દૂધ મંડળીઓને જણાવવાનુકે સંઘ સાથે સંકળાયેલ સાબરકાંઠા તેમજ અરવલ્લી જીલ્લાના પશુપાલકોના પશુઓમાં દૂધ દોહનની ક્રિયા પૂર્ણ થયા બાદ આંચળનું મુખ ૩૦ મિનીટ સુધી ખુલ્લું રહેતું હોય છે, અને આ સમયગાળા દરમિયાન જીવાણુઓ આંચળના મુખ દ્વારા પ્રવેશ કરી આંચળમાં ચેપ લગાડતા હોય છે, જેથી આંચળની બીમારીના અટકાવના ભાગ રૂપે દૂધ દોહન બાદ આંચળ પર લગાડવાની દવા સંઘ દ્વારા GCMMF VET RAL ૨૦૨૫-૨૭ માંથી ટીટ ડીપ સ્પ્રે ૨૦૦ મિલી ખરીદ કરી સંઘના સોસાયટી સ્ટોર મારફતે **નહિ નફો નહિ નુકસાનના ધોરણે** જીલ્લાની દૂધ મંડળીઓને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે.

હાલમાં GCMMF RAL ૨૦૨૫-૨૭ માં ઉપલબ્ધ કંપનીના ટીટ ડીપ સ્પ્રે ૨૦૦ મિલી નીચે જણાવ્યા મુજબના ભાવે **તારીખ ૧૬.૦૨.૨૦૨૬** થી સંઘની દૂધ મંડળીઓને વેચાણથી આપવામાં આવશે. દૂધ મંડળીઓએ સાબર ઈ સેવામાં લગત સોસાયટી સ્ટોરમાં ઓર્ડર મૂકી મંગાવી શકાશે.

| અ.નં. | વિગત | કંપનીનું નામ | યુનિટ દીઠ ભાવ રૂપિયા | GST | મંડળી/સભાસદ વેચાણ ભાવ રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | ટીટ ડીપ સ્પ્રે ૨૦૦ મિલી | WEIZUR | ૮૮.૦૦ | ૪.૪૦ | ૯૨.૪૦ |
| ૨ | | BIOVET | ૯૪.૦૦ | ૪.૭૦ | ૯૮.૭૦ |
| ૩ | | SAGMAN | ૯૦.૦૦ | ૪.૫૦ | ૯૪.૫૦ |

**ટીટ ડીપ સ્પ્રે ૨૦૦ મિલી અને કપ ફોર ડીપીન્ગ ૨૦૦ મિલી.નો ઉપયોગ કરવાની રીત :**

**૧. WEIZUR ટીટ ડીપ સ્પ્રે ૨૦૦ મિલી : ૨૦૦ મિલી દ્રાવણ ટીટ ડીપીંગ કપમાં લઇ ચારેય આંચળ દોહન બાદ ડૂબાડવા.**

**૨. BIOVET ટીટ ડીપ સ્પ્રે ૨૦૦ મિલી : ૩ - ૪ મિલી દ્રાવણ ટીટ ડીપીંગ કપમાં લઇ તેમાં ૧૫૦ મિલી પાણી ઉમેરી ચારેય આંચળ દોહન બાદ ડૂબાડવા**

**૩. SAGMAN ટીટ ડીપ સ્પ્રે ૨૦૦ મિલી : ૨૦ મિલી દ્રાવણ ટીટ ડીપીંગ કપમાં લઇ તેમાં ૧૮૦ મિલી પાણી ઉમેરી ચારેય આંચળ દોહન બાદ ડૂબાડવા**

**સદર પરિપત્ર વ્ય. કમિટિની મિટીંગમાં વંચાણે લઇ સભાસદોને માહિતગાર કરવા નોટિસબોર્ડ પર પ્રસિધ્ધ કરવા વિનંતી છે.**

**આભાર સહ...**

નકલ રવાના:

૧. ચેરમેનશ્રી તથા તમામ ડીરેક્ટરશ્રીઓ તરફ

૨. તમામ વિભાગીય વડાઓ તરફ

૩. ઇન્ચાર્જશ્રી તમામ શીતકેન્દ્ર/વેટરનરી/એમપીઓ તથા ફિલ્ડ સ્ટાફ તમામ

આપનો વિશ્વાસુ,
Sd/
(શ્રી સુભાષચંદ્ર વી પટેલ)
મેનેજીંગ ડીરેક્ટર,
સાબરડેરી, હિંમતનગર.